Pages 8 કિંમત Rs. 2/- email : gujarati@westerntimes.co.in www.westerntimesnews.in

અમદાવાદથી પ્રસિધ્ધ થતું અંગ્રેજી અને ગુજરાતી દૈનિક

# વેસ્ટર્ન ટાઇમ્સ

સ્થાપક તંત્રી: સ્વ. રામુ પટેલ તંત્રી : નિકુંજ પટેલ WESTERN TIMES (AHMEDABAD) ગુજરાતી ડેઈલી

Postal Reg. No. G-GNR-320 Valid upto 31-12-2023 Posting at RMS Ahmedabad

શુક્રવાર, તા.૨ જુન, ૨૦૨૩

2/6/2023 * VOL : 43 * NO. 258 સંવત- ૨૦૭૯, જેઠ સુદ-૧૩

Owned, Printed & Published by Nikunj R. Patel on behalf of Western Times Pub. Pvt. Ltd. Printed at & Published from Western Times Pub. Pvt. Ltd. Survey No. 1315P, Opp. Ramapir Temple, Shilaj, Ahmedabad Editor : Nikunj R. Patel

RNI Regn. No. GUJ/46323/86. Reg. Office : 301, 3rd Floor, Gala Argos, B/h. Hari Krupa Tower, Ellisbridge, Ahmedabad-380 006. (Gujarat) ફોન : ૦૭૯-૨૬૫૪ ૨૮૮૦, જાહેરાત : ૦૭૯-૨૬૫૪ ૨૮૮૧

**આજનો સુવિચાર**

એક નાનકડો વિચાર મોટો ચમત્કાર સર્જી શકે છે

# ભારત-નેપાળ વચ્ચે મહત્ત્વપૂર્ણ સમજૂતી કરાર

## નેપાળના વડાપ્રધાન ભારતની મુલાકાતે : વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને નેપાળના વડાપ્રધાન પુષ્પકમલ દહલ પ્રચંડે બિહારના બથનાહાથી પ્રથમ માલવાહક ટ્રેનનું વર્ચ્યુઅલી ઉદ્‌ઘાટન કર્યું



**અરરિયા,**

ભારત અને નેપાળની મિત્રતાનો આજે ખુબ મહત્વનો દિવસ છે. ભારતની મુલાકાતે આવેલા નેપાળના વડાપ્રધાન પુષ્પ કમલ દહલ પ્રચંડે ભારતના વડાપ્રધાન મોદી સાથે મળીને બંને દેશો વચ્ચેની મિત્રતાને વધુ ગાઢ બનાવી છે.

બંને વડાપ્રધાનની ઉપસ્થિતિમાં ભારત અને નેપાળ વચ્ચે આજે ઘણા મહત્વના સમજુતી કરારો થયા છે. ઉપરાંત રેલવે અને તેલ પાઈપલાઈન જેવા પ્રોજેક્ટોનો પાયો પણ નખાયો છે. વડાપ્રધાને કહ્યું કે, ભવિષ્યમાં પોતાની ભાગીદારીને સુપરહિટ બનાવવા ઘણા મહત્વના નિર્ણયો લેવામાં આવ્યા છે.

ભારત અને નેપાળ વચ્ચે આ નવી ટ્રેન સેવા શરૂ થઈ ગઈ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને નેપાળના વડાપ્રધાન પુષ્પકમલ દહલ પ્રચંડે બિહારના બથનાહાથી પ્રથમ માલવાહક ટ્રેનનું વર્ચ્યુઅલી ઉદ્‌ઘાટન કર્યું છે. કાર્ગો ટ્રેનનું સંચાલન બિહારથી નેપાળ કસ્ટમ યાર્ડ સુધી થશે. રેલવે દ્વારા બંને દેશો વચ્ચે શરૂ કરાયેલી આ નવી ટ્રેનથી આર્થિક સમૃદ્ધિના નવા દ્વાર ખુલી ગયા છે.

નેપાળના વડાપ્રધાન પ્રચંડ સાથે સંયુક્ત પ્રેસ કોન્ફરન્સમાં વડાપ્રધાન મોદીએ કહ્યું કે, આજે ટ્રાન્ઝિટ એગ્રીમેન્ટ પૂર્ણ થયું છે. આમાં નેપાળના લોકો માટે નવા રેલ માર્ગની સાથે ભારતના આંતરદેશીય જળમાર્ગોની સુવિધા માટે પણ જોગવાઈ કરાઈ છે. પીએમમોદીએ કહ્યું કે, ભારત અને નેપાળ વચ્ચેના ધાર્મિક અને સાંસ્કૃતિક સંબંધો ઘણા જૂના અને મજબૂત છે. બંને દેશોની મિત્રતાને વધુ મજબુત બનાવવા પીએમપ્રચંડ અને મેં નિર્ણય લીધો છે કે રામાયણ સર્કિટ સાથે સંબંધિત પ્રોજેક્ટને ઝડપથી કામગીરી શરૂ કરી દેવી જોઈએ. સંયુક્ત નિવેદનમાં વડાપ્રધાન મોદીએ જણાવ્યું કે, જ્યારે હું ૨૦૧૪માં નેપાળની મુલાકાતે ગયો હતો, ત્યારે મેં ભારત-નેપાળ સંબંધો માટે ‘હિટ’ ફોર્મ્યુલાનો પ્રસ્તાવ મૂક્યો હતો. ‘એચ-હાઈવે, આઈ-આઈવે અને ટી-ટ્રાન્સવે...’ પીએમએ કહ્યું, આ મુલાકાત દરમિયાન મેં એ પણ ઉલ્લેખ કર્યો હતો કે, અમે ભારત-નેપાળ વચ્ચે એવી બાબતોનો વિકાસ કરીશું કે, જેમાં ‘અમારા વચ્ચેની સરહદો, અમારા વચ્ચે અવરોધ ન બને.’ તેમણે કહ્યું કે, અમે અમારા સંબંધોને હિમાચલ જેટલી ઊંચાઈ સુધી લઈ જવા માટે સતત કામ કરતા રહીશું અને આવી જ ભાવના સાથે અમે તમામ મુદ્દાઓને, ભલે તે સરહદનો મુદ્દો હોય કે, અન્ય કોઈ વિષય... તમામ બાબતોનું સમાધાન કરીશું. આ પહેલા નેપાળના પીએમપ્રચંડ અને પીએમમોદી હૈદરાબાદમાં મળ્યા હતા. ત્યારબાદ બંને નેતાઓએ અનેક ક્ષેત્રોમાં એમઓયુ પર હસ્તાક્ષર કર્યા હતા. પીએમમોદી અને નેપાળ પીએમદહલ પ્રચંડએ સંયુક્ત રીતે ભારત અને નેપાળ વચ્ચે મોતિહારી-અમલેખગંજ ઓઈલ પાઈપલાઈનના ફેઝ-૨નો શિલાન્યાસ કર્યો. ઉપરાંત રેલવેના કુર્થા-બિજલપુરા સેક્શનના ઈ-યોજનાનું સંયુક્તપણે અનાવરણ કર્યું. બંને વડાપ્રધાનોએ બથનાહાથી નેપાળ કસ્ટમ યાર્ડ સુધીની ભારતીય રેલવે કાર્ગો ટ્રેનને સંયુક્ત રીતે લીલી ઝંડી બતાવી પ્રસ્થાન કરાવ્યું હતું.

# ૫૦૦ની નકલી નોટોની ઘૂસણખોરી સતત વધી જતાં આરબીઆઈ ચિંતિત

**નવી દિલ્હી,**

૧૯ મે, ૨૦૨૩ ના રોજ, ભારતીય રિઝર્વ બેંક (આરબીઆઈ) એ ૨૦૦૦ રૂપિયાની નોટ બંધ કરવાનો નિર્ણય લીધો હતો. દેશની તમામ બેંકોમાં આ નોટો બજારથી પાછી ખેંચવાની પ્રક્રિયા પણ શરૂ થઈ ગઈ છે. હવે આરબીઆઈના વાર્ષિક રિપોર્ટમાં ૫૦૦ રૂપિયાની નોટને લઈને એક મોટો ખુલાસો થયો છે. રૂ. ૫૦૦ની નોટોને લગતી આ મુશ્કેલી કેન્દ્રીય બેંકની સામે રૂ. ૨૦૦૦ની નોટ બદલવા માટે આપવામાં આવેલી ૩૦ સપ્ટેમ્બરની સમયમર્યાદા પૂરી થાય તે પહેલા જ સામે આવી છે.

ખરેખર ૨૦૦૦ રૂપિયાની ગુલાબી નોટો બંધ થયા બાદ હવે દેશની સૌથી મોટી ચલણી નોટ રિઝર્વ બેંક માટે માથાનો દુખાવો બની રહી છે. રિપોર્ટ અનુસાર ૫૦૦ની નકલી નોટોની ઘૂસણખોરી સતત વધી રહી છે. ૨૦૨૨-૨૩માં ૫૦૦ રૂપિયાની લગભગ ૯૧ હજાર ૧૧૦ નકલી નોટો પકડાઈ હતી, જે ૨૦૨૧-૨૨ની સરખામણીમાં ૧૪.૬ ટકા વધુ છે. ૨૦૨૦-૨૧માં ૫૦૦ રૂપિયાની ૩૯,૪૫૩ નકલી નોટો પકડાઈ હતી. જ્યારે ૨૦૨૧-૨૨માં ૭૬ હજાર ૬૬૯ નકલી નોટો ઝડપાઈ હતી. નકલી નોટો પકડાવા મામલે ૫૦૦ રૂપિયાની નોટો ઉપરાંત ૨૦૦૦ રૂપિયાની નકલી નોટો પણ સામેલ છે. જો કે, તેની સંખ્યામાં ઘટાડો નોંધાયો છે. આ વર્ષે ૫૦૦ રૂપિયા ઉપરાંત ૨૦ રૂપિયાની નકલી નોટોની સંખ્યામાં પણ વધારો થયો છે. ૨૦૨૨-૨૩માં ૨૦ રૂપિયાની નકલી નોટોમાં ૮.૪ ટકાનો વધારો થયો છે. ૧૦ રૂપિયાની નકલી નોટોની સંખ્યામાં ૧૧.૬ ટકાનો ઘટાડો થયો છે, જ્યારે ૧૦૦ રૂપિયાની નકલી નોટોની સંખ્યામાં ૧૪.૭ ટકાનો ઘટાડો થયો છે. નકલી નોટો ઉપરાંત આરબીઆઈએ તેના વાર્ષિક અહેવાલમાં નોટો પર છાપવામાં આવતી સંપૂર્ણ માહિતીની જાણકારી પણ આપી છે.

# ૨૦૦૦ની નોટ બદલવાના નિર્ણય સામે વહેલી સુનાવણીનો ઈનકાર

**નવી દિલ્હી,**

રૂપિયા ૨૦૦૦ની નોટ બદલવાના રિઝર્વ બેંકના નિર્ણય વિરુદ્ધ વહેલી સુનાવણી કરવાનો સુપ્રીમ કોર્ટે ઈનકાર કરી દીધો છે. સુપ્રીમ કોર્ટે કહ્યું કે આ માટે અરજીકર્તાઓએ જુલાઈમાં સીજેઆઈનો સંપર્ક કરવો જોઈએ. આ પહેલા દિલ્હી હાઈકોર્ટે આ અરજી ફગાવી દીધી હતી. અરજદારનું કહેવું છે કે નોટ બદલનારની ઓળખની ખરાઈ કર્યા વગર જ નોટો બદલીને ભ્રષ્ટાચારી અને રાષ્ટ્ર વિરોધી તત્વો ફાયદો ઉઠાવી રહ્યા છે.

અરજીકર્તા ભાજપના નેતા અને વકીલ અશ્વિની ઉપાધ્યાયે કહ્યું કે વિશ્વમાં આવું પહેલીવાર થઈ રહ્યું છે. જ્યારે તમામ માફિયાઓ, દાણચોરો, અપહરણકર્તા અને દેશદ્રોહીઓને નોટો બદલી રહ્યા છે. મીડિયા રિપોર્ટ્‌સ અનુસાર છેલ્લા એક સપ્તાહમાં રૂ.૫૦,૦૦૦ કરોડ રૂપિયાની નોટો બદલવામાં આવી છે. તેમણે કોર્ટને આ મામલો તાત્કાલિક હાથ ધરવા વિનંતી કરી હતી. દિલ્હી હાઈકોર્ટે આ બાબતને નીતિ વિષયક નિર્ણય ગણાવી અરજી ફગાવી દીધી હતી. આ મામલે ભાજપના નેતા અને વકીલ અશ્વિની ઉપાધ્યાય સુપ્રીમ કોર્ટ પહોંચ્યા હતા. દિલ્હી હાઈકોર્ટે સોમવારે કહ્યું હતું કે રૂ. ૨,૦૦૦ની નોટોએ તેમનો હેતુ પૂરો કર્યો છે અને તેમને પાછી ખેંચવાનો નિર્ણય એ નીતિ વિષયક નિર્ણય છે જેમાં અદાલતોએ દખલ ન કરવી જોઈએ. આરબીઆઈએ રૂા.૨૦૦૦ની નોટ ચલણમાંથી પરત ખેંચી જેની પાસે આ નોટો હોય તેને બદલવા માટેની દરેક બેંકોમાં વ્યવસ્થા કરી છે.

# મેમાં ભારતના મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રનો પીએમઆઈ ૩૧ માસની ટોચે

**(એજન્સી)નવી દિલ્હી,**

જીડીપીગ્રોથ રેટના શાનદાર આંકડા બાદ હવે ભારતને વધુ એક સારા સમાચાર મળ્યા છે. મે મહિના દરમિયાન ભારતના મેન્યુફેક્ચરિંગ સેક્ટરમાં બમ્પર તેજી જોવા મળી અને તેની આ ગતિવિધિઓ ૩૧ મહિનાના સર્વોચ્ચ સ્તરે પહોંચી છે. આજે એક ખાનગી સર્વેમાં આ માહિતી સામે આવી છે.

મે મહિના દરમિયાન ભારતીય મેન્યુફેક્ચરિંગ સેક્ટરનો પરચેઝિંગ મેનેજમેન્ટ ઈન્ડેક્સ ૫૮.૭ પર પહોંચ્યો હતો. ઓક્ટોબર ૨૦૨૦ પછી મેન્યુફેક્ચરિંગ સેક્ટરમાં આ સૌથી ઝડપી વૃદ્ધિ છે.

આ જણાવે છે કે, મે મહિના દરમિયાન ભારતમાં ફેક્ટરીઓનું આઉટપુટ લગભગ અઢી વર્ષમાં સૌથી શ્રેષ્ઠ રહ્યું છે. એક દિવસ અગાઉ માર્ચ ક્વાર્ટરના જીડીપી વૃદ્ધિ દરના જબરદસ્ત આંકડાઓ પછી મે મહિના દરમિયાન ફેક્ટરીઓની પ્રવૃત્તિઓમાં જબરદસ્ત સુધારો સારા ભવિષ્યનો સંકેત આપે છે.

અગાઉ, એપ્રિલ મહિના દરમિયાન, ભારતમાં મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રની પ્રવૃત્તિઓ ૪ મહિનાની ટોચની સપાટીએ છે. મેન્યુફેક્ચરિંગ સેક્ટરને એપ્રિલ મહિના દરમિયાન આઉટપુટમાં મજબૂત વૃદ્ધિ અને નવા ઓર્ડર દ્વારા ટેકો મળ્યો હતો. એપ્રિલ મહિના દરમિયાન જીએસ ગ્લોબલ ઈન્ડિયા મેન્યુફેક્ચરિંગ પરચેઝિંગ મેનેજરનો ઈન્ડેક્સ ૫૭.૨ છે, જે માર્ચમાં લગભગ ૫૬.૪ કરતાં હતો.

# સેન્સેક્સમાં ૧૯૪, નિફ્ટીમાં ૪૭ પોઈન્ટનું ગાબડું

**(એજન્સી)મુંબઈ,**

સ્થાનિક શેરબજાર ગુરુવારે ઘટાડા સાથે બંધ થયું. બીએસઈસેન્સેક્સ ૧૯૩.૭૦ પોઈન્ટ અથવા ૦.૩૧ ટકાના ઘટાડા સાથે ૬૨,૪૨૮.૫૪ પોઈન્ટના સ્તરે બંધ રહ્યો હતો. એ જ રીતે, એનએસઈનિફ્ટી ૪૬.૬૫ પોઈન્ટ્‌સ અથવા ૦.૨૫ ટકાના ઘટાડા સાથે ૧૮,૪૮૭.૭૫ પોઈન્ટના સ્તરે બંધ રહ્યો હતો. નિફ્ટીમાં કોલ ઈન્ડિયાનો શેર સૌથી વધુ ૪.૬૬ ટકાના ઘટાડા સાથે બંધ થયો હતો.

# મણિપુર હિંસા અંગેની તપાસ હાઈકોર્ટના નિવૃત્ત જજ કરશે

**(એજન્સી)ઈમ્ફાલ,**

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ મણિપુરના પ્રવાસે છે. આ દરમિયાન એક પત્રકાર પરિષદને સંબોધતા તેમણે કહ્યું કે, જ્યારથી મણિપુરમાં બીજેપીની ડબલ એન્જિન સરકાર બની છે ત્યારથી રાજ્ય વિકાસના પંથે આગળ વધી રહ્યું છે. પરંતુ ભૂતકાળમાં બનેલી હિંસક ઘટનાઓમાં અહીં અનેક લોકોએ જીવ ગુમાવ્યા હતા. અમે મણિપુરમાં શાંતિ પુનઃસ્થાપિત કરવા માટે કામ કરી રહ્યા છીએ. આ હિંસાની તપાસ હાઈકોર્ટના નિવૃત્ત જજ દ્વારા કરવામાં આવશે. આ હિંસાની તપાસ માટે એક શાંતિ સમિતિની રચના કરવામાં આવી રહી છે. અમિત શાહે ઈમ્ફાલમાં જણાવ્યું હતું કે, ×મણિપુરમાં ભાજપની સરકાર સત્તામાં આવી ત્યારે છેલ્લા છ વર્ષથી મણિપુર કર્ફ્યુ અને હિંસાથી મુક્ત થયું છે. મણિપુરમાં ડબલ એન્જિન સરકારે વિકાસના તમામ માપદંડોમાં અભૂતપૂર્વ સિદ્ધિઓ હાંસલ કરી છે. હિંસક ઘટનાઓ સામે આવી છે.

કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે, છેલ્લા કેટલાક દિવસોમાં મેં ૧૧ અલગ-અલગ પક્ષોના નેતાઓ સાથે વાતચીત કરી હતી. દરેક ક્ષેત્રના લોકો સાથે વાત કરી. મહિલાઓ સાથે પણ વાત કરી. ૨૯ એપ્રિલના રોજ મણિપુર હાઈકોર્ટના નિર્ણયને કારણે અહીં બે જૂથો વચ્ચે જાતિય હિંસા શરૂ થઈ ગઈ હતી. આ મામલે સરકાર દ્વારા રાહત પેકેજ પણ તૈયાર કરવામાં આવ્યું છે.

# આરોપી ભદ્રેશ પટેલ એફબીઆઈના મોસ્ટ વોન્ટેડની યાદીમાં



**(એજન્સી)વોશિંગ્ટન,**

અમેરિકાના મેરીલેન્ડમાં પત્નીની હત્યા કરીને ફરાર થઈ ગયેલા ૩૩ વર્ષીય ગુજરાતી ભદ્રેશ કુમાર પટેલને અમેરિકાની તપાસ એજન્સી એફબીઆઈએ પોતાની મોસ્ટ વોન્ટેડ યાદીમાં સામેલ કર્યો છે. એપ્રિલ ૨૦૧૫માં મેરીલેન્ડમાં તેની પત્નીની હત્યા બાદ ભદ્રેશ ફરાર થઇ ગયો હતો. આ દંપતિ ૨૦૧૪ માં વિઝિટર વિઝા પર યુએસ ગયા હતા અને હેનોવર, મેરીલેન્ડમાં એક ડોનટ્‌સમાં શોપમાં કામ કરતા હતા.

જ્યારે ભદ્રેશની પત્ની પલકે ભારત પરત આવાની ઈચ્છા વ્યક્ત કરી જેને લઇ દંપતી વચ્ચે વારંવાર દલીલો અને તકરાર થતી જોવા મળી હતી, જેને આખરે ભયંકર ગુનાનું સ્વરૂપ લઈ લીધું. આ ઘટનાના સીસીટીવી ફૂટેજ કેદ થયા જેમાં જોવા મળે છે કે, જ્યારે દંપતી રેક્સની પાછળ ગાયબ થતા પહેલા રસોડામાં કામ કરતું જોવા મળ્યું હતું. થોડીવાર પછી ભદ્રેશ તેની પત્નીને મોતને ઘાટ ઉતારી ઉતાવળે પાછળથી બહાર આવ્યો અને જલ્દીથી સ્ટોરની બહાર નીકળી ગયો હતો. હત્યાનો ખુલાસો ત્યારે થયો જ્યારે એક ગ્રાહક, સ્ટોર પર આવ્યો, તેણે આ મામલે તરત જ પોલીસને જાણ કરી હતી.

અમેરિકાની સૌથી મોટી તપાસ એજન્સી ફેડરલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન ૨૦૧૭થી ભારતીય ભાગેડુ ભદ્રેશ કુમાર પટેલને શોધી રહી છે. હવે એફબીઆઈની ૧૦ મોસ્ટ વોન્ટેડ યાદીમાં સામેલ તેને સામેલ કર્યો છે. એફબીઆઈએ ભદ્રેશ પટેલ પર ૨૫૦,૦૦૦ ડોલરનું ઈનામ પણ મૂક્યું છે. ભદ્રેશ એફબીઆઈની નજરમાં ખતરનાક ગુનેગારમાંનો એક છે. ૨૦૧૫ માં, તેણે હેનોવર મેરીલેન્ડમાં એક સ્વીટ શોપમાં તેની પત્નીને નિર્દયતાથી મોતને ઘાટ ઉતારી હતી. ભદ્રેશની પત્ની ભારત પરત ફરવા માંગતી હતી, આ જ બન્યું તેમના ઝઘડાનું કારણ. ૧૩ એપ્રિલ, ૨૦૧૫ના રોજ, મેરીલેન્ડની સ્થાનિક અદાલતે ભદ્રેશ વિરુદ્ધ વોરંટ જારી કર્યું હતું. ભદ્રેશ પર કેનેડામાં ગેરકાયદે ઘૂસણખોરી કરવાનો પણ આરોપ છે. હત્યા બાદ, ૧૩ એપ્રિલ, ૨૦૧૫ના રોજ મેરીલેન્ડની ડિસ્ટ્રિક્ટ કોર્ટમાં એની અરુન્ડેલ કાઉન્ટી માટે સ્થાનિક ધરપકડ વોરંટ જારી કરવામાં આવ્યું હતું. આ પછી તે ઘણી વખત ગેરકાયદે હવાઈ મુસાફરી કરતો રહ્યો. તેની સામે ગેરકાયદે મુસાફરી અને હથિયાર રાખવાના અનેક કેસ પણ નોંધાયેલા છે. અગાઉ તેને ૨૦૧૭માં પણ ભાગેડુ જાહેર કરવામાં આવ્યો હતો. હવે એફબીઆઈએ તેને ટોપ ૧૦ મોસ્ટ વોન્ટેડ લિસ્ટમાં સામેલ કર્યા બાદ ભારતની તપાસ એજન્સીઓ પણ તેને શોધવામાં મદદ કરશે.

**પત્નીની હત્યા બાદથી આરોપી ફરાર**

# કોમર્શિયલ એલપીજીના ભાવમાં મોટો ઘટાડો થયો

## ઘરેલુ એલપીજી સિલિન્ડરની કિંમતમાં કોઈ ફેરફાર નહીં

**(એજન્સી)નવી દિલ્હી,**

એલપીજી ગેસના ભાવમાં મોટો ઘટાડો થયો છે. એલપીજી વેચતી કંપનીઓએ ભાવમાં ઘટાડો કર્યો છે. આ ઘટાડો કોમર્શિયલ એલપીજી ગેસના ભાવમાં થયો છે. જોકે ઘરેલુ એલપીજી સિલિન્ડરની કિંમતમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. તે ગયા મહિનાની જેમ જ યથાવત્‌ છે. અગાઉ ૧ મે ૨૦૨૩ના રોજ કોમર્શિયલ ગેસ સિલિન્ડરની કિંમતમાં ૧૭૨ રૂપિયાનો ઘટાડો કરવામાં આવ્યો હતો.

નવી દિલ્હીમાં કોમર્શિયલ ગેસની કિંમતમાં ૮૩.૫ રૂપિયાનો ઘટાડો કરવામાં આવ્યો છે અને હવે નવી કિંમત ૧૭૭૩ રૂપિયા થઈ ગઈ છે. ગયા મહિને કોમર્શિયલ ગેસની કિંમત ૧૮૫૬.૫૦ રૂપિયા પ્રતિ સિલિન્ડર હતી. તે જ સમયે, ઘરેલુ ગેસ સિલિન્ડરનો દર ૧૧૦૩ રૂપિયા પર યથાવત્‌ છે. ૧ જૂનથી રિપ્લેસમેન્ટ કોમર્શિયલ ગેસ સિલિન્ડર દિલ્હીમાં ૧૭૭૩ રૂપિયામાં વેચાઈ રહ્યું છે અને ૧ જૂને તે કોલકાતામાં ૧૮૭૫.૫૦ રૂપિયામાં વેચાઈ રહ્યું છે.

મુંબઈમાં ૧૯ કિલો કોમર્શિયલ ગેસ ૧૭૨૫ રૂપિયામાં વેચાઈ રહ્યો છે અને ચેન્નાઈમાં એલપીજીની કિંમત ૧૯૭૩ રૂપિયા છે. કોમર્શિયલ એલપીજી સિલિન્ડર દિલ્હીમાં ૧૮૫૬.૫૦ રૂપિયાથી ૮૩.૫૦ રૂપિયા ઘટીને ૧૭૭૩ રૂપિયા થઈ ગયો છે. જ્યારે કોલકાતામાં તેની કિંમત ૧૯૬૦.૫૦ રૂપિયાથી ઘટાડીને ૧૮૭૫.૫૦ રૂપિયા કરવામાં આવી છે. મુંબઈમાં કોમર્શિયલ ગેસ રૂ. ૮૩.૫૦ સસ્તો થયો છે જે રૂ. ૧૮૦૮.૫૦ થી રૂ. ૧૭૨૫ થયો છે. તે જ સમયે, ચેન્નાઈમાં એલપીજી ગેસ ૨૦૨૧.૫૦ રૂપિયાથી તે ૧૯૩૭ રૂપિયા પર પહોંચી ગયો છે. છેલ્લા કેટલાક મહિનાઓથી સ્થાનિક એલપીજીના ભાવમાં કોઈ ફેરફાર થયો નથી.

# લોનની મર્યાદા વધારતું બિલ પાસ થતાં અમેરિકા નાદાર નહીં થાય

**(એજન્સી)વોશિંગ્ટન,**

અમેરિકા હવે નાદાર નહીં થાય. યુએસ હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સે ટ્રેઝરી દ્વારા નિર્ધારિત સમયમર્યાદાના પાંચ દિવસ પહેલા લોન લેવાની મર્યાદા વધારવાનું બિલ પસાર કર્યું હતું. અમેરિકામાં લોન લેવાની મર્યાદા વધારવાની છેલ્લી તારીખ ૫ જૂન હતી. જો આવું ન થયું હોત તો અમેરિકા ઈતિહાસમાં પહેલીવાર નાદાર થઈ ગયું હોત. બંને પક્ષોના મોટાભાગના સભ્યોએ આ બિલને સમર્થન આપ્યું હતું. ડેમોક્રેટ્‌સે બિલને ૧૬૫-૪૬થી સમર્થન આપ્યું હતું. જ્યારે રિપબ્લિકન્સે આ બિલને ૧૪૯-૭૧ વોટથી સમર્થન આપ્યું હતું. અહેવાલ અનુસાર રાષ્ટ્રપતિ જો બાયડેન અને હાઉસ સ્પીકર કેવિન મેકકાર્થી વચ્ચે લોન લેવાની મર્યાદા અંગેની ડીલ પર ચર્ચા થઈ હતી. ત્યારબાદ અમેરિકી કોંગ્રેસે દેવાળીયું થવાના થોડા દિવસ પહેલા જ આ બિલ પાસ કર્યું છે.

# સંક્ષિપ્ત સમાચાર

## લોકોને ખરાબ સ્થિતિના સામના માટે તૈયાર રહેવા ચીનનો નિર્દેશ

**(એજન્સી)બિજિંગ,**

અમેરિકા અને યુરોપિયન યુનિયન સાથે ચીનના સબંધો અત્યંત તંગ બની ચુકયા છે. બીજી તરફ ભારત સાથે પણ ચીનનો સરહદ વિવાદ ચાલી રહ્યો છે. તાઈવાન સામે પણ ચીન બાંય ચઢાવી ચુકયુ છે. આ સંજોગોમાં હવે ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગે લોકોને એવી ચેતવણી આપી છે જેના કારણે ચીન યુધ્ધની તૈયારીઓ તો નથી કરી રહ્યુ ને..તેવો સવાલ ઉઠી રહ્યો છે. જિનપિંગે ચીનના લોકોને કહ્યુ છે કે, નાગરિકોએ સૌથી ખરાબ પરિસ્થિતિનો સામનો કરવા માટે તૈયાર રહેવુ પડશે. કારણકે ચીન અત્યંત મુશ્કેલ સુરક્ષા પડકારોનો સામનો કરી રહ્યુ છે. તેમણએ આગળ કહ્યુ હતુ કે, દેશની સામે રાષ્ટ્રીય સુરક્ષાના જટીલ પડકારો ગંભીર અને નાટકીય ઢબે વધી ગયા છે. જીત મેળવવા માટે આપણી પાસે પૂરતો આત્મ વિશ્વાસ હોવો જરૂરી છે તેમજ આપણી શક્તિ શું છે તેની પણ આપણને જાણ હોવી જોઈએ.

## ચીને એલએસી પર એરસ્ટ્રીપ્સ, હેલિપેડ અને પુલ બનાવ્યા

**(એજન્સી)નવી દિલ્હી,**

ચીનની હરકતો દર્શાવે છે કે તે સરહદ વિવાદ અંગે કેવી રીતે બેવડું ધોરણ અપનાવી રહ્યો છે. ૨૦૨૦ માં ગલવાન વિવાદ પછી ભારત સાથે કમાન્ડર સ્તરે વાતચીતના ઘણા રાઉન્ડ થયા ,જેમાં તે સરહદ પર શાંતિ જાળવી રાખવાની વાત કરી ચૂક્યો છે. તેમ છતાં તે વાસ્તવિક નિયંત્રણ રેખા (એલએસી) નજીક તેની તાકાત વધારી રહ્યો છે. સેટેલાઈટ દ્વારા મોકલાયેલી તાજેતરની તસવીરો ચીનના નાપાક ઈરાદાઓને ઉઘાડા પાડી રહી છે. ૨૦૨૦ થી પીપલ્સ લિબરેશન આર્મી એટલે કે ચીની સેના પોતાના માટે એલએસી નજીક એરફિલ્ડના વિસ્તરણની કામગીરી કરી રહી છે. મે ૨૦૨૦ માં શરૂ થયેલા સૈન્ય ગતિરોધ પછી ચીને ઝડપથી સૈનિકોની તૈનાતી સાથે એરસ્ટ્રીપ્સ, હેલિપેડ, રેલ્વે સુવિધાઓ, મિસાઈલ બેઝ અને પુલ બનાવ્યા છે.

## યુએસએ યુક્રેનને નવા હથિયાર આપશે

**(એજન્સી)વોશિંગ્ટન,**

પેન્ટાગોને યુક્રેન માટે ૩૦૦ મિલિયન ડોલરના નવા હથિયાર પેકેજની જાહેરાત કરી હતી. પેકેજમાં એર ડિફેન્સ સિસ્ટમ અને લાખો રાઉન્ડ માટેનો દારૂગોળો સામેલ છે. અમેરિકાના સંરક્ષણ વિભાગે જણાવ્યું હતું કે આ નવા શિપમેન્ટ સાથે યુક્રેનને અમેરિકી સંરક્ષણ સહાયનો કુલ આંકડો ૩૭.૬ બિલિયન ડોલરને આંબી જશે. તમને જણાવી દઈએ કે રશિયાના આક્રમણ બાદ અમેરિકા યુક્રેનને સતત સૈન્ય મદદ કરી રહ્યું છે. પેન્ટાગોને કહ્યું કે અમેરિકા યુક્રેનને તેની તાત્કાલિક લડાઈ જરૂરિયાતો અને ભાવિ સુરક્ષા સહાયતા જરૂરિયાતો બંનેને પહોંચી વળવાની ક્ષમતા પ્રદાન કરવા માટે તેના સાથી અને ભાગીદારો સાથે કામ કરવાનું ચાલુ રાખશે. અમેરિકા યુક્રેનને શસ્ત્રો અને અન્ય સહાય પૂરી પાડવા માટે નાટો અને અન્ય સહયોગીઓ દ્વારા અભૂતપૂર્વ પ્રયાસનું નેતૃત્વ કરી રહ્યું છે.









